બાળકો અને
નવયુવાનો માટે

Bustan-e-Zehra Association
786-92-110

# હાદી
માસિક

રજબુલ મુરજ્જબ, હીજરી સન ૧૪૩૧,
જૂન - ૨૦૧૦



العليم

# અલ્લાહના નેક નામો

# 'અલ અલીમો'

**અલ્લાહ તબારક-વ-તઆલાનો આ ગુણ અલ્લાહના જ્ઞાન અને તેના જ્ઞાનની સંપૂર્ણતા સાથે સંબંધ ધરાવે છે. આ ગુણના ઘણાં અર્થ નીકળે છે. આવો, તે અંગે જાણકારી મેળવીએ.**

**અગત્યના અર્થ :** આ શબ્દના ઘણાં અર્થ થાય છે. જેમાંથી કેટલાંક અગત્યના નીચે મુજબ છે.

(૧) સૃષ્ટિની દરેક વસ્તુ અંગે સંપૂર્ણ જ્ઞાન ધરાવનાર

(૨) ખુબ જ ઊંડું અને પાકું જ્ઞાન ધરાવનાર

(૩) હકીકતોને જાણનાર અને તેની સંપૂર્ણ સમજદારી ધરાવનાર

(૪) જ્ઞાની અને જાણકાર

**આ ગુણ અંગેનું કુરઆનમાં દૃષ્ટાંત :**

પરવરદિગારના આ ગુણનો કુરઆનમાં વિપુલ પ્રમાણમાં પ્રયોગ થયો છે. ઘણી જગ્યાએ ખુદાવન્દે આલમે પોતાની જાતને આ ગુણ સાથે વર્ણવી છે. દા.ત. ઈર્શાદે ઈલાહી છે કે :

**કાલૂ સુબ્હાનકા - લા ઈલ્માલના-ઈલ્લા-માઅલ્લમતના- ઈન્નકા અન્તલ અલીમુલ હકીમ.**

**અનુવાદ :** ફરિશ્તાઓએ કહ્યું : 'તું પવિત્ર અને અતિ પવિત્ર છે. તેં અમને શીખવાડ્યું છે તે સિવાય અમે કાંઈ જાણતાં નથી અને (ફક્ત) તું જ સૃષ્ટિની દરેક વસ્તુની સંપૂર્ણ જાણકારી ધરાવે છે.'

**માઅસૂમીન અ.સ.ની વાણી :** માઅસૂમીન અ.સ.એ પણ અલ્લાહના આ ગુણનો પ્રયોગ પોતાની દુઆઓ અને ઝિયારતો વિગેરેમાં કર્યો છે. દા.ત. દુઆએ અદીલામાં છે કે,

**'વ કાના અલીમા-કબ્લા ઈજાદિલ ઇલ્મે-વ-અલ્લમતે'**

**'અને તે (અલ્લાહ) તો જ્ઞાન અને તર્કની શોધ થઈ તે પહેલાં જ જ્ઞાની હતો.'**

## આ નામની ખાસિયતો અને ફાયદા :

**પરવરદિગારના આ ગુણની અનેક ખાસિયતો અને ફાયદા છે. દા.ત.**

(૧) ગુઢ રહસ્યોની જાણકારી માટે દરેક નમાઝ પછી 'યા અલીમો' નો ૧૦ વખત વિર્દ કરવો લાભદાયક અને અસરકારક છે.

(૨) કોઈ વ્યક્તિ 'યા અલિમો' નો મોટા પ્રમાણમાં વિર્દ કરતો રહે તો ખુદાતઆલા તેને ખુબ જ વધારે અને અકાળ વિદ્યાઓ અને ગુઢ રહસ્યોની જાણકારી આપશે.

(૩) જો કોઈ વ્યક્તિ 'યા અલીમો' ને પોતાનો વિર્દ બનાવી લેશે તો જ્યારે પણ તેને કોઈ સખ્ત સમસ્યાનો સામનો કરવાનો આવશે ત્યારે અલ્લાહ તેના માટે તે સમસ્યા સરળ બનાવી દેશે.

(૪) એક કથન પ્રમાણે 'યા અલીમો' ગુઢ રહસ્યો જાણનાર લોકોના વિર્દ પૈકીનો એક વિર્દ છે.

(૫) 'યા અલીમો' નું નિત્ય વિર્દ કરતાં રહેવું તે લોકોનું પ્રેમસંપાદન કરવા માટે - સત્ય જ્ઞાન પ્રાપ્ત કરવા માટે અને પોતાની હાજતો પૂરી કરાવવા માટે ખુબ જ અકસીર છે.

રજબુલ-મુરજ્જબ, હીજરી સન ૧૪૩૧,
જૂન - ૨૦૧૦

بسم الله الرحمن الرحيم

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો !　　　　અસ્સલામો અલયકુમ !

રજબુલ-મુરજ્જબનો મહીનો ખુદાની રહેમતો અને બરકતો લઈને આવી ગયો છે અને આપનું વહાલું માસિક હાદી પણ !!

બાળકો ! આ રજબનો મહીનો ઘણીજ બરકતોવાળો છે. અલ્લાહના પ્યારા નબી સ.અ.વ. એ આ માસને "અહલેબૈત (અ.સ.)"નો મહીનો પણ કહ્યો છે. આ માસમાં એક તરફ તો અહલેબૈત (અ.સ.)ના ઘરમાં ખુશાલીનો માહોલ છવાઈ ગયો હતો તો બીજી તરફ અહલેબૈત (અ.સ.)ના દુશ્મનોએ તેમને લોહીના આંસુ રડાવ્યાં પણ છે.

નબી સ.અ.વ.ને ખુદાના ઘર "ખાન-એ-કાઅબા"માંથી પોતાનો "વસી" (ઉત્તરાધિકારી) અને મોઅમેનીન ને પોતાના ખલીફા આ મહીનામાંજ મળ્યા છે અને શુરવીરની શુરવીરતાના પ્રતાપે "ખયબરના કિલ્લા" ઉપર વિજય મેળવવાની ઉજવણી પણ મુસલમાનોએ ઉજવી હતી.

બીજી બાજૂ હુસૈની કાફલાને પોતાની વહાલી માતૃભૂમિને તજી દઈને ઈસ્લામ ધર્મના રક્ષણને કાજે મદીના મુનવ્વરાની પવિત્ર ભૂમિ અને પોતાના નાના રસૂલે અકરમનો મુબારક રોઝો છોડી દઈને કરબલા તરફ પ્રયાણ કરવાની ફરજ પડી હતી.

આ મહીનાના સંદર્ભમાં અન્ય હકીકતો છે, જે અમે અંદરના પાનાઓ ઉપર આપની જાણકારી માટે આપી છે.

વહાલા બાળકો ! આ માસની બરકતોનો લાભ લેવાની આપણાં માટે એક તક છે. જેનો લાભ આપણે લેવોજ જોઈએ. જો તમારી શાળાઓ ફરી શરૂ થઈ ગઈ હોય તો વર્ગમાં પ્રગતિની હોંશમાં અને હોંશમાં એ હકીકત વિસરાઈ જવી જોઈએ નહીં કે આપણને આ તમામ સફળતાઓ, જીવનના એશો-આરામ અહલેબૈત (અ.સ.)ના સદકામાંજ પ્રાપ્ત થયા છે અને નમાઝ અને દુઆ ગુજારીને એ સફળતાઓ અને એશ-આરામ માટે અલ્લાહ ત.વ.ત.ની બારગાહમાં શુક્રગુઝારી પેશ કરતાં રહેવું જોઈએ અને હા! અમને પણ પોતાની દુઆઓમાં સામેલ રાખજો હોં !!!

વસ્સલામ

ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ
મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી
સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રઝા ગરવી

કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકો :
અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી
એહસાનઅલી રીઝવી

અનુવાદક :
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :
સાજીદ પંજ (Skype Graphics)
9898013082

વિગતો માટે સંપર્ક :
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા
Bustan -E- Zehra Association
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com

# કુરઆનના સૂરાઓનો પરિચય

# સૂરએ 'અનઆમ'

કુરઆન શરીફની અત્યારની ગોઠવણી પ્રમાણે આ કુરઆનનો છઠ્ઠો સૂરો છે. આમાં કુલ ૧૬૫ આયતો છે. આ સૂરો નાઝિલ થયો તેનું મુખ્ય કારણ એકેશ્વરવાદ- (તવહીદ- અલ્લાહ એક અને એકમાત્ર છે તે અકીદો) નુબૂવત - મિઆદના અકીદાઓને સમજાવવાનો છે. જો કે આ સૂરામાં તવહીદ પહેલાં મુર્તિપૂજા અને શિર્ક (ખુદાની ઝાતમાં બીજા કોઈને શરીક કરવો તે - ખુદાની સાથે બીજો અથવા બીજા પણ ખુદા છે તેવી માન્યતા ધરાવવી તે) જેવા માફીને પાત્ર નથી તેવા ગુનાહોનું પણ વર્ણન છે અને તેવી માન્યતાઓ રદ કરવામાં આવેલી છે. મુર્તિપૂજકોના આમાલ અને કાર્યો અને તે અંગે તેમને મળવાને પાત્ર છે તેવી સજાઓનું પણ વર્ણન છે. ભૂતકાળના લોકોની ઘટનાઓમાંથી બોધપાઠ મળે તેવા મુદ્દાઓ - યહૂદીઓ તરફથી થતી ખોટી ટીકાઓ - હઝરત રસૂલે ખુદા સ.અ.વ.નું મુસીબતોના ટાણે સબ્ર કરવું તે - રસૂલ સ.અ.વ.એ કુફ્ફાર ઈમાન લઈ આવે તેવી જે આશા વ્યક્ત કરી હતી તે - (ખુદાના) અહકામમાં તબદીલીના કારણો - ખુદા સર્વજ્ઞાની - ગય્બની વાતોનો જાણનાર છે તે - ધાર્મિક બાબતોમાં દરિદ્ર ને ધનાઢ્ય બંને સરખાં છે તે - કયામતના દિવસે કુફ્ફારની માયૂસી - મલ્કુલ મૌત રૂહ કબ્ઝ કરે છે તેનું વર્ણન - હઝરત ઈબ્રાહીમ અ.સ.ના પ્રસંગો... વિગેરેનું વર્ણન આ સૂરામાં છે.

આ સૂરાની તિલાવત કરવાનો ઘણો સવાબ છે. અને આ સૂરો ખુબ જ 'ફઝીલત' વાળો છે. રિવાયતમાં આવ્યું છે કે આ સૂરો એવા સૂરાઓ પૈકી એક છે જે એક જ વખતમાં પૂરેપૂરા નાઝિલ થયાં હતાં. જ્યારે જિબ્રઈલ અ.સ. (રસૂલે ખુદા ઉપર) આ સૂરો નાઝિલ કરવા માટે આ સૂરો લઈને નિકળ્યાં ત્યારે ૭૦ હજાર ફરિશ્તાઓ તેમની સાથે હતાં અને તે બધાં ખુદાના ગુણગાન કરવામાં મશ્ગૂલ હતાં. આ સૂરાની તિલાવત બાબતે કહેવાયું છે કે 'જો કોઈ વ્યક્તિ આ સૂરાની તિલાવત કરશે તો મલાએકા તેના માટે કયામત સુધી તસ્બીહ કરતાં રહેશે. બીજી રિવાયતમાં છે કે જે કોઈ વ્યક્તિ આ સૂરાને દરરોજ રાત્રે પઢશે તે કયામત સુધી અમન-ચેનમાં રહેશે અને તેને કદી અગ્નિથી નુકશાન પહોંચશે નહીં.' એવી પણ એક રિવાયત છે કે 'જો લોકો આ સૂરાના પઢવાની ફઝીલતને જાણી લેશે તો આ સૂરાને (પઢવાનું) કદી છોડશે નહીં.'





E-mail : hadimasik@yahoo.com

## માઅસૂમીન અ.સ.નું સદ્‌ચરિત્ર

# ઊંટની કમર ઉપર દોરડું કસવું

કાફલો ઘણી લાંબી મુસાફરી પૂરી કરી ચુક્યો હતો. અને દરેક વ્યક્તિ થાકેલી જણાતી હતી. પ્રાણીઓ પણ થાકીને લોથપોથ થઇ ગયાં હતાં. એટલામાં કાફલો એવા સ્થળે પહોંચી ગયો કે જ્યાં પાણી હતું. તેથી તે સ્થળે જ કાફલાને રોકી દેવામાં આવ્યો. રસૂલે ખુદા સ.અ.વ. પણ તે કાફલાની સાથે જ હતાં. બીજા કાફલાવાળાઓની સાથે આપ સ.અ.વ. પણ પોતાના ઊંટ ઉપરથી નીચે ઉતર્યાં. દરેક વ્યક્તિનો એક જ પ્રયાસ હતો કે જલ્દીથી ઝરણાં સુધી પહોંચી જાય અને વઝુ વિગેરે કરીને નમાઝ માટે તૈયાર થઇ જાય.

રસૂલે મકબૂલ સ.અ.વ. પણ ઊંટ ઉપરથી ઉતર્યાં પછી ઝરણાં તરફ જવા લાગ્યાં. પરંતુ થોડાક ડગલાં જ ચાલ્યા પછી કાંઇપણ કહ્યા વગર પાછા ફરી ગયાં. અને પોતાના ઊંટની દિશામાં જવા લાગ્યાં. સાથીઓ અને રસૂલે અકરમ સ.અ.વ.ના મિત્રો ખુબ જ આશ્ચર્ય સાથે એકબીજાને કહેવા લાગ્યાં કે શાયદ આ સ્થળ રસૂલે ઈસ્લામ સ.અ.વ.ને પસંદ નથી પડ્યું તેથી આપ સ.અ.વ. ફરીથી આગળ પ્રયાણ કરવાની આજ્ઞા આપવાના છે. બધાં રસૂલ સ.અ.વ.ને જ જોતાં હતાં અને દરેક વ્યક્તિ રસૂલ સ.અ.વ.ની નવી આજ્ઞા સાંભળવા માટે તત્પર હતી. પરંતુ બધાં જ લોકો તે વખતે ખુબ જ ચકિત થઇ ગયાં જ્યારે તેમણે જોયું કે રસૂલ સ.અ.વ. એ ઊંટની કમર ઉપર બાંધવા માટેનું દોરડું ઉપાડ્યું અને પોતાના ઊંટની કમર ઉપર તે દોરડું બરાબર કસી દીધું અને આ કામ પતાવીને ફરી ઝરણાંની દિશામાં પરત ફર્યાં.

ચારે દિશાઓમાંથી લોકોએ શોર-બકોર કરી મુક્યો કે 'હે અલ્લાહના રસૂલ ! આપે આ કષ્ટ ઉપાડવાની જરૂર શી હતી ? આપે અમને આ માટેની આજ્ઞા કેમ ના કરી. અમને પણ આ સેવાનો અવસર પ્રાપ્ત થાત ને ! આપ સ.અ.વ. એ કારણ વગર જ આ તસ્દી લીધી અને આવા એક નાનકડા કામ માટે પાછા ફર્યાં. અમે તો ગર્વ સાથે આપ સ.અ.વ.ના આવા તમામ કામો કરવા માટે તત્પર હોઈએ છીએ.

પયગમ્બર સ.અ.વ. એ આ વાતનો જવાબ આપતાં કહ્યું કે 'આવા કામો માટે ન તો કોઈની સહાયતા લેવી જોઈએ કે ન તો કોઈના ઓશિયાળા બનવું જોઈએ. એક દાતણ લાવવા જેટલા નાના કામને પણ બીજાનો આશરો લીધા વગર પોતે જ કરવું જોઈએ.

એટલે કે કામ નાનું હોય કે મોટું તે માટે બીજાના ઓશિયાળા બનવાને બદલે પોતાના કામો પોતે જ કરવા જોઈએ.

**વહાલા બાળકો !**

**આ પ્રસંગ આપણને શીખવે છે કે :-**

(૧) હંમેશાં પોતાના કામો પોતે જ કરવા જોઇએ.

(૨) બીજાઓની પાસે પોતાના કામો કદી કરાવવા જોઇએ નહીં.

(૩) હંમેશાં બીજાની સહાયતા માટે તત્પર રહેવું જોઇએ.



اقرأ باسم ربك الذي خلق

# ઈસ્લામના પ્રારંભનો દિવસ

રસૂલે ખુદા સ.અ.વ.ની હિજરત ના ૧૩ વરસ પહેલાં ૨૭મી રજબના દિવસે હઝરત મુહમ્મદ મુસ્તફા સ.અ.વ. ખુદાની તરફથી 'મબઉસ-બ-રિસાલત' થયાં હતાં (એટલે કે આપ સ.અ.વ.ને જાહેર રીતે રસૂલ બનાવવામાં આવ્યાં હતાં.) તે વખતે આપ સ.અ.વ. ની મુબારક ઉમર ૪૦ વરસ હતી. આપ એક એવા સંપૂર્ણ મનુષ્ય હતાં કે જે દરેક ક્ષણે અલ્લાહની નિશાનીઓ અને સૃષ્ટિના (તેના દ્વારા થએલ) સર્જન સંબંધે ખુબ જ ઉંડાણપૂર્વક અને સંપૂર્ણતાપૂર્વક ચિંતન અને મનન કરતાં રહેતાં હતાં. આપની સત્યનિષ્ઠા - ઈમાનદારી અને સદ્ચારિત્ર્યની ચર્ચાઓ લોકજીભે હતી અને આપની આ ખૂબી અને ગુણોએ જ આપને સમાજમાં એક અત્યંત પ્રતિષ્ઠિત વ્યક્તિનો દરજ્જો અપાવ્યો હતો. રસૂલે અકરમ સ.અ.વ. પોતાનો મોટા ભાગનો સમય મક્કા શહેરની ઉત્તરે આવેલ 'હિરા' નામની એક ગુફામાં ખુદાની ઈબાદતમાં ગુજારતાં હતાં. એક દિવસ (એટલે કે ૨૭મી રજબ-હિજરતથી ૧૩ વરસ પહેલાં) વહીના ફરિશ્તા જિબ્રઈલ અમીન (વહી એટલે ખુદાનો સંદેશો) આપની સમક્ષ ઉપસ્થિત થયાં અને એવા શુભ સમાચાર આપ સ.અ.વ.ને આપ્યાં કે આ સમગ્ર સૃષ્ટિના સર્જક ખુદાએ આપ સ.અ.વ.ને રિસાલતના હોદ્દા ઉપર 'મબઊસ' કર્યા છે. (એટલે કે આપને નબી જાહેર કર્યા છે.) તે ક્ષણથી જ અંતિમ નબી તરીકેની ભારે જવાબદારીના આપના કાર્યકાળનો આરંભ થયો. જેથી કરીને આપ દીને ઈસ્લામને અંતિમ અને સંપૂર્ણતમ આસમાની દીન (અલ્લાહના દીન) તરીકે જગત સમક્ષ રજુ કરે. આવી રીતે નબી જાહેર થયાં. પછી આપ સ.અ.વ.એ અજ્ઞાનતા - કુફ્ર અને અત્યાચારો તથા જુલ્મને નેસ્તનાબૂદ કરવા માટે પોતાની સંપૂર્ણ શક્તિ કામે લગાડી દીધી અને મક્કા શહેરમાં ઈસ્લામનો ૧૩ વરસ સુધી પ્રચાર-પ્રસાર કર્યા પછી ખુદાની આજ્ઞાથી મદીના શહેર તરફ હિજરત (પ્રસ્થાન) કરી. મદીના શહેરમાં પણ રસૂલે અકરમ સ.અ.વ.એ દીનના પ્રચાર-પ્રસારની પોતાની અલ્લાહ તરફથી સોંપવામાં આવેલી જવાબદારી નિભાવી. અને ઈસ્લામના સોનેરી સિધ્ધાંતો ઉપર હકૂમત કાયમ કરી અને ટુંકાગાળામાં જ આ ઈસ્લામી હકૂમત જગતના મોટા ભાગમાં વિસ્તાર પામી.






E-mail : hadimasik@yahoo.com

# ખૈબરના કિલ્લાનો વિજય



૨૪મી રજબ અને ૭ હિજરીના દિવસે ઈસ્લામી લશ્કરે ખૈબરના યુધ્ધમાં યહૂદીઓના સૈન્યને પરાજિત કર્યું હતું. યહૂદીઓએ મદીના શહેરથી ઉત્તરે આવેલ ખૈબર નામના સ્થળે સાત ખૂબ જ મજબૂત કિલ્લા બાંધ્યા હતાં અને ત્યાંથી તેઓ મુસલમાનોની વિરૂધ્ધ કાવત્રાં કરતાં રહેતાં હતાં. રસૂલે અકરમ સ.અ.વ.એ સને ૭ હિજરીમાં ખૈબરનો વિજય થશે તેવી શુભવાણી ઉચ્ચારી હતી. થોડાક સમયમાં મુસલમાનોએ કેટલાંક કિલ્લાઓ સર કરી લેવાની સફળતા તો મેળવી લીધી. પરંતુ ઈસ્લામી સૈન્ય બે અત્યંત મજબૂત કિલ્લાઓ સર કરવાની સફળતા પ્રાપ્ત કરી શક્યું નહીં. છેવટે રસૂલે અકરમ સ.અ.વ.એ ઈસ્લામના સૈન્યના સેના નાયકોને એકત્ર કર્યા અને ફરમાવ્યું કે 'આવતી કાલે હું ઈસ્લામના લશ્કરનો ધ્વજ એવા વ્યક્તિને આપીશ જે ખુદા અને તેના રસૂલ સ.અ.વ.ને મિત્ર રાખતો હશે અને ખુદા અને તેના રસૂલ સ.અ.વ. પણ જેને પોતાના હિતેચ્છૂ -મિત્ર ગણતા હશે. (યુધ્ધ દરમ્યાન અલમ આપવાનો અર્થ સેનાધિપતિ તરીકેની નિયુક્તિ એવો થાય છે.) અને ખુદા તેના હસ્તે જ આ કિલ્લાને ફતેહ કરાવશે. બીજા દિવસે રસૂલે ખુદા સ.અ.વ.એ હઝરત અલી અ.સ.ને ઈસ્લામી સૈન્યના સરદાર નિયુક્ત કર્યા અને ઈસ્લામના લશ્કરનો ધ્વજ આપ અ.સ.ને સુપ્રત કર્યો. હઝરત અલી અ.સ.એ પોતાની વીરતાનો પરિચય આપીને ખૈબરના કિલ્લા પર વિજય મેળવી લીધો.





## માઅસૂમીન અ.સ.ની મહાન માતાઓ

# ઈમામ મૂસિયે કાઝિમ અ.સ.ના મહાન માતા

**નામ અને વંશ :** આપનું નામ'હમીદા' અથવા 'હુમયદા' હતું કારણ કે જ્યારે ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.એ આપની પાસેથી આપનું નામ જાણવા માગ્યું તો આપે કહ્યું હતું કે મારૂં નામ'હમીદા' છે, તે સાંભળીને ઈમામ અ.સ. એ ફરમાવ્યુંઃ  કે તમો આ જગતમાં હમીદા (એટલે કે પ્રશંસા કરનાર - સદા ખુદાની પ્રશંસા કરતાં રહેનાર) છો અને આખેરતમાં 'મહેમુદા' (એવી વ્યક્તિ કે જેની બીજા પ્રશંસા કરે તે) છો.'

**આપના લકબો :** આપના માટે મુસફ્ફાત - મુહઝ્ઝબા - સૈયદતુલ ઈમાઅ - લૂઅલૂઅતુન વિગેરે લકબો બયાન કરવામાં આવ્યાં છે.

'મુસફ્ફાત' લકબ આપને ઈમામ બાકિર અ.સ.એ એનાયત કર્યો હતો. જ્યારે ઈમામ બાકિર અ.સ.એ જનાબ હમીદાને ઈમામ સાદિક અ.સ.ને ભેટમાં આપ્યાં હતાં ત્યારે ઈર્શાદ ફરમાવ્યું હતું કે આ હમીદા 'તમામ બદીઓથી પાક' છે. લકબ 'મુહઝ્ઝબા' નો અર્થ 'તમામ આધ્યાત્મિક (રૂહાની) ગંદકીઓથી પાક-સાફ હોવું અને શ્રેષ્ઠ નૈતિક ગુણોથી સુસજ્જિત હોવું તે છે અને લકબ 'સૈયદતુલ ઈમાઅ' નો અર્થ દાસીઓની સરદાર એવો થાય છે. કહેવાય છે કે આપને જ્યારે દાસીઓ સાથે વેચવા માટે લાવવામાં આવ્યાં ત્યારે ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.એ દાસી ખરીદવા કોઈને મોકલ્યો હતો. તે વ્યક્તિ જ્યારે ત્યાં ગયો ત્યારે અન્ય તમામ દાસીઓ વેચાઈ ગઈ હતી. ફક્ત બે દાસીઓ બચી હતી. તે બે માં આપ જ શ્રેષ્ઠ હતાં. ઈમામ અ.સ.એ તેમને ખરીદવા માટે દીનારોથી ભરેલી એક થેલી તે દાસી ખરીદવા જનાર વ્યક્તિને આપી. તે દાસીના માલિકે આપની કિંમત ૭૦ દીનાર બતાવી અને આ કિંમત ઉપર જ તે અડી ગયો. જ્યારે થેલી ખોલવામાં આવી તો તેમાં બરાબર ૭૦ દીનાર જ હતાં.





E-mail : hadimasik@yahoo.com

**આપની કુનીયત :** આપની કુનીયત 'ઉમ્મે મુહમ્મદ' હતી.

**આપના પિતા :** મોટા ભાગના ઈતિહાસકારોએ આપના પિતાનું નામ'સાઅદ' લખ્યું છે. અને આપના ભાઈનું નામ'સાલેહ' હતું પરંતુ કેટલાંક ઈતિહાસકારોએ આપને 'સાલેહ' ની પુત્રી ગણાવ્યાં છે.

**આપનું કુટુંબ :** આપના કુટુંબનો સંબંધ બરબર-ઉન્દલિસ-રૂમ અથવા અજમ સાથે હતું. અને આપ 'બરબરીયાહ' કબીલાના હતાં.

**ફઝાઈલ :** આપના ઘણાં ફઝાઈલ બયાન કરવામાં આવ્યાં છે. જેમાંથી કેટલીક ફઝીલતો નીચે આપવામાં આવે છે.

★ ઈમામ મુહમ્મદ બાકિર અ.સ. એ ફરમાવ્યું છે કે 'હમીદા' દાસીઓમાં મહાન અને તેમની સરદાર છે. તે સોનેરી સૂર્યની જેમ છે. બદીઓથી પાક છે. ફરિશ્તાઓએ હંમેશા આપનું રક્ષણ કર્યું છે. એટલે સુધી કે તે 'રાહે કરામત'' (કરામતના માર્ગ) સુધી પહોંચી ગયાં. (એટલે તેઓ અહલેબૈતની ઈસ્મત અને તહારત સુધી પહોંચી ગયાં ) ઈમામે કાઝિમ અ.સ.ના પવિત્ર નૂરની આપના ઉદરમાંથી વિલાદત થઈ છે.



★ આપના ગુણોમાંથી એક ગુણ એ પણ હતો કે આપ ઈમામ સાદિક અ.સ.ની આર્થિક બાબતોના વકીલ (કુલ મુખત્યાર) પણ હતાં. ઈતિહાસમાં નોંધવામાં આવ્યું છે કે ઈમામ સાદિક અ.સ. મદીનાના લોકોના આર્થિક હક અદા કરવા ઈચ્છતા હતાં ત્યારે તે રકમને તેઓ પોતાની માતા ઉમ્મે ફરવાહ અને પોતાના પત્નિ હમીદાખાતૂનને આપી દેતાં હતાં.

★ ઈમામ સાદિક અ.સ.એ આપને સ્ત્રીઓને જ્ઞાન આપવાની અને ધર્મશાસ્ત્રના શિક્ષણની જવાબદારી સોંપી હતી.

# હસો હસાવો

## ટુચકાઓ

(૧) એક વ્યક્તિ પોતાના છ વરસના પુત્રને શાળામાં એડમિશન માટે લઈ જતો હતો. માર્ગમાં તેણે પોતાના પુત્રને સમજાવ્યું 'જો દીકરા ! મેડમ તને તારી ઉંમર પુછે તો પોતાની ઉંમર ૪ વરસ કહેજે, નહીં તો એડમિશન નહીં મળે.'

શાળામાં ગયા ત્યારે મેડમે બાળકને પુછયું : દીકરા તારી ઉંમર કેટલી ? બાળકે નિર્દોષતાપૂર્વક કહ્યું : મેડમ! 'ઘરમાં મારી ઉંમર ૬ વરસ, શાળામાં ચાર વરસ અને ટ્રેનમાં ત્રણ વરસ હોય છે !!!'

(૨) હઝરત મૌલાના ઈસ્માઈલ શહીદથી કોઈએ પૂછયું કે 'અંગ્રેજો તો કહે છે કે દાઢી રાખવી તે કુદરતની વ્યવસ્થાથી વિરૂધ્ધની વાત છે કેમ કે મનુષ્ય દાઢી વગર જ જન્મે છે.'

મૌલાનાએ સ્મિત વેરતાં કહ્યું 'તો આવું કહેનારે પોતાના બધાં દાંત પણ તોડી નાખવા જોઈએ કેમ કે મનુષ્ય તો દાંત વગર જ જન્મે છે અને દાંત પણ દાઢીની જેમ પછી જ નીકળે છે.'

(૩) એક પાગલ વ્યક્તિ એક જોડાની દુકાનમાંથી જોડા ખરીદી આવ્યો અને તે પછી નવા જોડા પહેરી સડક ઉપર જ સૂઈ ગયો. ત્યાં એક બીજો વ્યક્તિ આવ્યો. તે પાગલના પગમાંથી નવા જોડા ઉતારીને પોતાના જુના જોડાં તેને પહેરાવીને નવા જોડા પોતે પહેરીને ચાલ્યો ગયો. થોડીવારમાં ત્યાં એક કાર આવી. પાગલ સડકની વચ્ચે સૂઈ રહ્યો હતો. તેથી કાર ચાલકે હોર્ન બજાવીને મોટેથી બોલીને પાગલને કહ્યું કે 'ભાઈ ! ઉભો થઈ જા - નહીં તો કાર તારા પગ કચડીને ચાલી જશે.'

પાગલે તરત જ પોતાના પગ જોયાં અને ત્યાં જૂના જોડા જોઈને કહ્યું : 'આ મારા પગ નથી. તમ તમારે આ પગ કચડીને નીકળી જાવ. !!!'

(૪) એક શિક્ષક પોતાના વર્ગમાં દાખલ થયાં. ત્યાં તેમણે બારણાં પાસે જ મૌલાના હાલી કૃત એક પુસ્તક પડેલું જોયું. શિક્ષકે પૂછયું 'આ પુસ્તક કોનું છે ?' એક શિષ્ય બોલ્યો : સાહેબ, હું કહું ! આ પુસ્તક મૌલાના હાલીનું છે.!!!





# દાડમના ફાયદા



- જન્નતના બગીચાઓમાં (જાત-જાતના) ફળો - દાડમ અને ખજુરના ઝાડ છે.
  (સૂરા - રહમાન-આયત-૬૮)
- દાડમ બધાં જ ફળોનો સરદાર છે. (ઈમામ સાદિક અ.સ.)
- જો હું ઈરાક દેશમાં રહેતો હોત તો દરરોજ દાડમ ખાતો અને ફુરાત મહા નદી (યુફ્રેટીસ નદી) ના પાણીથી નહાતો (ઈમામ સાદિક અ.સ.)
- જો કોઈ વ્યક્તિ સૂવા જતી વખતે દાડમ ખાઈને સૂઈ જાય તો તે સવાર સુધી (આફતોથી) સુરક્ષિત રહેશે. (ઈમામ સાદિક અ.સ.)
- દાડમને તેની સફેદ છાલ સાથે ખાવું કેમકે આનાથી જઠરને શક્તિ મળે છે અને મગજ શક્તિ (યાદશક્તિ)માં વૃધ્ધિ થાય છે.
- દાડમને તેની નાજુક (સફેદ)છાલ સાથે ખાવાથી દાંત સફેદ થાય છે, મોઢાની દુર્ગંધ દૂર થાય છે અને મોઢું સુગંધિત થાય છે. (ઈમામ અલી અ.સ.)
- પોતાના બાળકને દાડમ ખવડાવો તેનાથી તેની વાણી જલ્દી ખૂલી જાય છે (એટલે તે બાળક વહેલી તકે ઝડપથી બોલતાં શીખી જાય છે.) (હઝરત અલી અ.સ.)
- દાડમ પયગમ્બરે અકરમ(સલા.) નું પ્રિય અને ભાવતું ફળ હતું (ઈમામ સાદિક અ.સ.)
- જો કોઈ વ્યક્તિ એક દાડમ ખાઈ લે છે તો તેનાથી શયતાન ચાલિસ દિવસ સુધી દૂર રહે છે. (નબીએ અકરમ સ.અ.વ.)
- જો કોઈ વ્યક્તિ એક દાડમ ખાઈ લે છે તો અલ્લાહ તઆલા તેના હ્રદયને ચાલીસ દિવસ સુધી પ્રકાશિત કરી દે છે. (નબીએ અકરમ સ.અ.વ.)
- મીઠા દાડમ ખાવા જોઈએ કેમકે મોમિનના જઠરમાં મીઠા દાડમનો કોઈ ભાગ જાય છે તો તે કોઈને કોઈ રોગને મટાડી દે છે. (ઈમામ સાદિક અ.સ.)
- દાડમને તેના દાણાંના બીજ સાથે ખાવું જોઈએ કેમકે દાડમના દાણાંને બીજ સહીત ખાવાથી જઠર સાફ થાય છે અને વાળમાં વૃધ્ધિ થાય છે. (ઈમામ સાદિક અ.સ.)



# હઝરત અલી (અ.સ.)નો ઐતિહાસિક ચુકાદો

★ બે સ્ત્રીઓ હઝરત અલી (અ.સ.)ની સેવામાં લાવવામાં આવી. બંને એક બાળક માટે લડતી હતી અને બંનેનો એવો દાવો હતો કે "આ બાળક મારું જ છે" ઈમામ અલી (અ.સ.)એ આ જોયું અને આજ્ઞા કરી કે કરવત લાવવામાં આવે. કોઈએ પૂછ્યું "કરવત શા માટે ?" આપ (અ.સ.)એ ફરમાવ્યું : "બાળકના બે તદ્દન સરખા ટુકડા કરીને બંને સ્ત્રીઓને તેનો એક-એક ભાગ આપી દઈશ" બંને સ્ત્રીઓએ જ્યારે આ સાંભળ્યું તો જે ખરી માતા હતી તે રડીને કહેવા લાગી : "મૌલા! તમને ખુદાના સમ છે ! આવું ના કરતાં, આ બાળકને બીજી સ્ત્રીને જ આપી દો. બાળક જીવતો તો રહેશે ને !" બીજી સ્ત્રીએ પણ મૌલા (અ.સ.)નું વાક્ય સાંભળ્યું હતું પરંતુ તે શાંત રહી હતી. ઈમામ (અ.સ.)એ બાળકને લઈ લીધું. તેની અસલી માતા (કે જેણે બાળકના બે ટુકડા ન કરી નાંખવા દુહાઈ દીધી હતી) ને આપી દીધું અને ફરમાવ્યું : "આજ આ બાળકની અસલી માતા છે. જો આ બાળક પેલી બીજી સ્ત્રીનું હોત તો તે પણ પોતાની મમતાને કારણે બાળકના બે ટુકડા કરવાની આજ્ઞા સાંભળીને તડપી ઉઠી હોત" આ સાંભળીને તે બીજી સ્ત્રીએ પણ સ્વીકારી લીધું કે આ બાળક તેનું નથી.

(અરજહુલ મતાલિબ - પા. ૨૮)



# બાબે મદીનતુલ ઈલ્મનો જવાબ

★ એક વખત ઈમામ અલી (અ.સ.)ના કાળમાં એવો સવાલ ઉપસ્થિત થયો હતો કે એવી તો કોણ વ્યક્તિ છે જે ન તો સ્વર્ગ (જન્નત)ની ઈચ્છા રાખે છે કે ન તો નર્ક (જહન્નમ)થી ડરે છે. તે ખુદાથી પણ ડરતો નથી. નમાઝમાં રૂકૂઅ અને સજદા પણ કરતો નથી. મડદા અને લોહી ખાય છે. જોયા વગરની વસ્તુઓની (બાબતોની) સાક્ષી પૂરે છે. જે લડાઈ ઝગડાને પસંદ કરે છે અને સત્યને ધિક્કારે છે.

આ પ્રશ્ન સાંભળી તમામની બુધ્ધિ બહેર મારી ગઈ અને કહેવા લાગ્યાં, આ તો કુફ્ર કહેવાય !

પરંતુ ઈમામ અલી (અ.સ.)એ ફરમાવ્યું : "આવો વ્યક્તિ તો ખુદાના મિત્રો પૈકી છે. બધાં આશ્ચર્યથી જોવા લાગ્યાં. ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : તો સાંભળો ! તે ન તો સ્વર્ગની ઈચ્છા રાખે છે. ન તો નર્કની બીક રાખે છે. એનો અર્થ એ કે તે ખુદાની બંદગી સ્વર્ગની ઈચ્છા અને નર્કની બીકથી નથી કરતો પરંતુ ખુદાને બંદગી લાયક સમજીને કરે છે અને ખુદાથી બીક નથી રાખતો એટલે તે સદાચારી છે તેથી અલ્લાહ તરફથી શિક્ષા થવાની બાબતે બીક નથી રાખતો. નમાઝમાં રૂકૂઅ અને સજદા નથી કરતો એટલે નમાઝે જનાઝા પઢે છે ત્યારે રૂકૂઅ અને સજદા નથી કરતો કેમ કે નમાઝે જનાઝામાં રૂકૂઅ અને સજદા છે જ નહીં, તેથી નથી કરતો !! અને મડદા અને લોહી ખાય છે. એટલે તે માછલી અને તેનું કાળજુ ખાય છે, જે ખરેખર તો મડદુ અને લોહી છે. તે લડાઈ ઝગડા ને પસંદ કરે છે તેનો અર્થ એ છે કે સંપત્તિ અને સંતાનોને પસંદ કરે છે. કે જેમનો કુરઆનમાં લડાઈ-ઝગડા (નું કારણ) કહેવામાં આવ્યાં છે. તે સ્વર્ગ અને નર્કની સાક્ષી પૂરે છે કે જે તેણે જોએલ નથી અને મૃત્યુને ધિક્કારે છે જે સત્ય (અટલ) છે.

(મનાકિબે શહર ઈબ્ને આશૂબ)






# નૂરે બાકિર અ.સ.

સન ૫૭ હિજરીની પહેલી રજબના દિવસે ફરઝન્દે રસૂલ સ.અ.વ. હઝરત ઈમામ બાકિર અ.સ.ની પુણ્યશાળી વિલાદત થઈ હતી. આપ અ.સ.ને 'બાકિર'ના લકબથી યાદ કરવામાં આવે છે. 'બાકિર'નો અર્થ 'જ્ઞાન અને વિદ્યાઓના ગૂઢ રહસ્યો અને ભાવાર્થને જાહેર કરનાર' એવો થાય છે, અને આપને 'બાકિર' એવું ઉપનામ(લકબ) એટલા માટે આપવામાં આવ્યું છે કે આપે પોતાના યુગના મુશ્કેલ અને ગુંચવણભરી વિદ્યાઓના રહસ્યોને સરળ રીતે સમજાવ્યાં હતાં. હઝરત ઈમામ બાકિર અ.સ. હમેશ ખુબ જ ધ્યાનપૂર્વક અને સમજદારીપૂર્વક પોતાના યુગની વિદ્યાઓનું વિશ્લેષણ અને સરળીકરણ કરતાં હતાં. તે યુગ બની ઉમ્મય્યાની પડતીનો કાર્યકાળ હતો, તેવા આપની ઈમામતના યુગમાં સને ૯૬ હિજરીથી આપને મુસલમાનોના ચિંતન - બૌધિક અને સાંસ્કૃતિક પાયાને મજબૂત કરવાની તક મળી હતી. આપ અ.સ. અને આપના ફરઝન્દ હઝરત ઈમામ જાઅફરે સાદિક અ.સ.ના ઈમામતના કાર્યકાળમાં ઘણી વિદ્યાઓનો પ્રચાર પ્રસાર થયો. પ્રગતિ થઈ - સંશોધનો થયાં. હઝરત ઈમામ બાકિર અ.સ. ઉત્તમ ચારિત્ર્યનું ઉજ્જવળ દૃષ્ટાંત હતાં. આપ હમેશાં નેકી કરવા - સખાવત કરવા - ગરીબોની મદદ કરવા અને બીમારોની ખબર અંતર પુછવા જવા જેવા ઉત્તમ ગુણો કેળવવાની તાકીદ કરતાં રહેતાં હતાં. આપ અ.સ.ના મહાન ફરમાનો - નૈતિક બોધ અને શિખામણો આપના પોતાના કાર્યશીલ જીવનમાં આપ અ.સ.એ પોતે પણ સ્પષ્ટ રીતે વણી લીધાં હતાં. આપ બીજાને જે શિખામણ આપતાં હતાં તે બાબત ઉપર પ્રથમ પોતે અમલ કરીને દેખાડતાં હતાં.



# નૂરે તકી અ.સ.

સન ૧૯૫ હિજરીની ૧૦મી રજબના દિવસે મદીના શહેરમાં ફરઝન્દે રસૂલ સ.અ.વ. હઝરત ઈમામ મુહમ્મદ તકી અ.સ.ની પુણ્યશાળી વિલાદત થઈ હતી. આપ (અ.સ.)એ પોતાના મહાન પિતા હઝરત ઈમામ રિઝા અ.સ.ની શહાદત પછી મુસલમાનોની ઈમામત અને માર્ગદર્શનની જવાબદારી સંભાળી હતી. હઝરત મુહમ્મદ તકી અ.સ. મુસલમાનોમાં અત્યંત લોકપ્રિય હતાં. આપ ઘણાં મોટા સખી દાતા હતાં. તેથી આપ 'જવાદ' એટલે કે 'સખીદાતા'ના લકબથી પ્રખ્યાત થયાં. ઈમામ તકી અ.સ.નું ઘર જરૂરતવાળાઓ માટે આશ્રયસ્થાન સમાન હતું. જે લોકો દરેક જગ્યાએથી નિરાશ થઈ જતાં તેમની આશાઓ ઈમામ તકી અ.સ.ના દ્વારેથી ફળતી હતી. આપના ઈમામતના કાર્યકાળમાં ઈસ્લામી શાસનની સીમાઓ ઘણી વિસ્તાર પામી હતી. જેને કારણે જુદી - જુદી વિદ્યાઓ અને જ્ઞાનના પ્રચાર-પ્રસારનો માર્ગ પ્રશિસ્થ થયો હતો. આ કાર્યકાળમાં મુસલમાન અને બિનમુસ્લિમ બુધ્ધિજીવિઓ વચ્ચે બૌધિક વાદવિવાદ ખુબ જ પ્રચલિત થઈ ગયો હતો. હઝરત મુહમ્મદ તકી અ.સ.ને મુસ્લિમ સમાજમાં ખુબ જ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત થએલું હતું અને આપ અ.સ.ની હસ્તી મુસ્લિમ સમાજમાં પયગમ્બરે ઈસ્લામ સ.અ.વ.ની પવિત્ર યાદગીરીરૂપે હમેશાં અસરકારક અને લાભદાયક રહી હતી. આપ ઈસ્લામના ઉચ્ચ શિક્ષણને લોકો સુધી પહોંચાડતાં હતાં અને એકેશ્વરવાદ (તવહીદ - એક અલ્લાહ) વિરૂધ્ધની વિચારસરણીનો ફેલાવો અટકાવવા હંમેશા પ્રયત્નશીલ રહેતા હતા.

ઈમામ તકી અ.સ.ની વિલાદતના પવિત્ર દિવસનાં સંદર્ભમાં અમે વાચક મિત્રોની સેવામાં આપ અ.સ.ની એક સોનેરી શિખામણ અત્રે રજુ કરીએ છીએ.

ઈમામ અ.સ. ફરમાવે છે કે 'ખુદા પર ભરોસો રાખવો મસ્તક ઉંચુ રહેવાનું કારણ છે. જે ખુદા ઉપર ભરોસો રાખે છે તેને ખુદા દરેક બુરાઈથી બચાવે છે અને તેના શત્રુઓથી તેનું રક્ષણ કરે છે.'



# વિલાદત અને શહાદત

## ઈમામ હાદી અ.સ.



મુબારક નામ : અલી અ.સ.

કુનિય્યત : અબુલહસન

પ્રખ્યાત લકબો : હાદી, નકી, નાસેહ, ફકીહ, અમીન વગેરે.

આપના આદરણીય પિતા : ઈમામ મુહમ્મદ તકી અ.સ.

આપના મહાન માતા : સમાના ખાતૂન - (આપ 'સૈયિદા' અને 'ઉમ્મુલ ફઝલ'ના નામે પણ પ્રખ્યાત હતાં.)

વિલાદત : ૫ - રજબ સને ૨૧૩ હિજરી

વિલાદતનું સ્થળ : મદીના (સરિયા નામનું સ્થળ)

આપના પ્રખ્યાત સહાબીઓ : અબુલ હાશિમ જાઅફરી - અબ્દુર્રહેમાન ઈસ્ફહાની - અબૂ મુહમ્મદ કાસિમ-બિનઅલાઅ - સાલેહ બિન સઈદ - ખઝીમા બિન હાઝિમ વગેરે.

આપના સમકાલિન ખલીફાઓ : મુત્વક્કલ - મોઅતસિમ- વાસિક - મુન્તસર - મુસ્તઈન - મોઅતઝબિલ્લાહ



## સમકાલિન ખલીફાઓની આપની સાથેની વર્તણૂંક :

(૧) પહેલાં તો આપને બળજબરી પૂર્વક મદીનાથી સામરા મોકલી દીધા.

(૨) સામરામાં ભિક્ષુકો જયાં રહેતા હતાં ત્યાં આપને રહેવા માટે જગ્યા આપી.

(૩) મુત્વક્કલે આપની વારંવાર ધરપકડ કરી હતી અને આપને બંદી બનાવ્યાં હતાં.

(૪) મોઅતસિમે (આપના વાલિદે બુઝુર્ગવારને શહીદ કરી નાખીને) આપને આઠ વરસની વયે અનાથ (યતીમ)બનાવી દીધાં હતાં.

**આપની શહાદત : ૩જી રજબ સને ૨૫૪ હિજરી**

**શહાદતનું કારણ :** તેરમાં અબ્બાસી ખલીફા મોઅતઝબિલ્લાહે ઝેર અપાવી આપને શહીદ કરી દીધાં હતાં.

**આપની ઈમામતનો સમયગાળો : ૩૩ વરસ**

**આપની ઉમ્ર શરીફ : ૪૧ વરસ**

**આપનો પવિત્ર રોજો : સામરાઅ (ઈરાક)**

## આપના મોઅજિઝાઓ અને કરામતો :

(૧) ગાલીચા ઉપર બનેલા સિંહના ચિત્રને સજીવ કરી (તેને સજીવ સિંહ બનાવી) તેના દ્વારા જાદુગરને મારી નંખાવવો.

(૨) અબ્દૂહાશિમને એક ક્ષણમાં પૃથ્વી ઉપર કોઈપણ સ્થળે પહોંચી શકવાની કરામત બખ્શવી.

(૩) અબ્દુર્રેહમાન ઈસ્ફહાનીને દુઆ આપી દરિદ્રમાંથી માલદાર બનાવી દેવો - તેને લાબું આયુષ્ય બખ્શવું અને દસ સંતાનો આપવા.

(૪) મુતવક્કલને તેના મૃત્યુ વિશે આગાહી કરીને તેની જાણ કરવી અને આપની ભવિષ્યવાણી પ્રમાણે જ ત્રણ દિવસમાં મુતવક્કલનું મૃત્યુ પામવું.

(૫) પ્રાણીઓનું આપના કદમોમાં માથું ટેકવું અને આપની સમક્ષ પોતાની કોઈપણ હસ્તી ન હોવાનો એકરાર કરવો.

## આપના પ્રખ્યાત બોધ વચનો :

(૧) જે પોતાની ઈચ્છાઓને તાબે થઈ જાય છે તેના શત્રુઓની સંખ્યા વધી જાય છે.

(૨) કોઈપણ આપદા ધીરજ રાખનાર માટે તો એક જ મુસીબત હોય છે પરંતુ ધીરજ નહીં રાખનાર માટે તે બમણી મુસીબત હોય છે.

(૩) જેણે (તમારી સાથે) દગાબાજી કરી હોય તેનાથી વફાદારીની આશા રાખવી વ્યર્થ છે.



# રજબ-અલ્લાહનો મહીનો



રજબ, શાઅબાન અને રમઝાન - આ ત્રણે મહીનાઓ ઘણી ફઝીલતોવાળા મહીનાઓ છે. આ મહીનાઓની ફઝીલતોમાં ઘણી રિવાયતો છે. હઝરત મુહમ્મદ સ.અ.વ.થી રિવાયત છે કે 'રજબનો મહીનો અલ્લાહનો મહીનો છે અને બીજો કોઈ મહીનો આ રજબ માસના દરજ્જા અને ફઝીલતની બરાબરી કરી શકે તેમ નથી. આ માસમાં યુધ્ધ હરામ છે. રજબ અલ્લાહનો, શાઅબાન મારો અને રમઝાન મારી ઉમ્મતના મહીના છે. જે કોઈ વ્યક્તિ રજબ માસમાં એક દિવસ પણ રોજો રાખશે તે અલ્લાહ પાસેથી તેની ઘણી મોટી પ્રસન્નતાનો હકદાર થશે અને અલ્લાહનો ક્રોધ (ગઝબ) તેનાથી દૂર થઈ જશે અને જહન્નમના બારણાંઓમાંથી એક બારણું તેના માટે બંધ કરી દેવામાં આવશે.'

ઈમામ જાઅફરે સાદિક અ.સ.એ ફરમાવ્યું છે કે જનાબ રસૂલે ખુદા સ.અ.વ.એ ફરમાવ્યું છે કે રજબનો મહીનો મારી ઉમ્મત પાસે ઈસ્તિગફાર (ગુનાઓની તૌબા કરવા માટે)નો મહીનો છે. તેથી આ મહીનામાં ગુનાહોની ખુબ જ મોટા પ્રમાણમાં માફી માંગવી. કેમકે અલ્લાહ ખુબ જ મોટો બખ્શવાવાળો અને મહેરબાન છે. અને રજબ માસને 'અસબ' પણ કહેવામાં આવે છે કેમકે આ માસમાં ખુદાની રહેમત મારી ઉમ્મત ઉપર મન મૂકીને વરસે છે. તેથી તમો (લોકો) આ માસમાં આ દુઆ ખુબ જ મોટા પ્રમાણમાં અલ્લાહ પાસે માંગતા રહો 'અસ્તગ્ફેરૂલ્લાહા-વ-અસઅલહુત્તવબા'

ઈબ્ને બાબવય એ પ્રમાણભૂત આધાર સાથે સાલિમથી રિવાયત કરી છે કે તેણે એવું કહ્યું છે કે 'એક વખત હું રજબ માસના અંત ભાગમાં

ઈમામ જાઅફરે સાદિક અ.સ.ની સેવામાં હાજર થયો. જ્યારે આપની મુબારક દૃષ્ટિ મારા ઉપર પડી ત્યારે આપે મને પુછયું : શું તેં આ માસમાં રોજો રાખ્યો હતો. મેં ના પાડી તો આપ અ.સ.એ ફરમાવ્યું : કે ખુદાની ઝાત સિવાય બીજો કોઈ કલ્પના પણ ન કરી શકે તેટલો સવાબ તેં ગુમાવ્યો છે. કેમકે આ એ મહીનો છે જેને ખુદાએ અન્ય (તમામ) મહીનાઓ ઉપર ફઝીલત (શ્રેષ્ઠતા) આપી છે. તેના માન-સમ્માનને ઘણો મોટો ગણાવ્યો છે. મેં અરજ ગુજારી કે હે ફરઝન્દે રસૂલ ! હવે હું બાકી રહી ગએલાં દીવસોમાં રોજો રાખી લઉ તો હું આ મહીનાના રોજા રાખનારાઓના કેટલાંક સવાબનો હકદાર થઈ જઈશ ? તો આપે ફરમાવ્યું : હે સાલિમ! જો કોઈ વ્યક્તિ આ માસના અંતિમ દિવસોમાંના કોઈ એક દિવસે પણ રોજો રાખી લે તો ખુદાવન્દે આલમ રૂહ કબ્ઝ થાય છે તે વખતની સખ્તાઈ (સકરાતની સખ્તાઈ) - મૃત્યુ પછીની બીક - કબરના અઝાબથી તેને બચાવી લેશે અને જો કોઈ વ્યક્તિ ત્રણ દિવસ રોજા રાખશે તો ખુદાવન્દે આલમ કયામતના દિવસની મહાન બીક અને તે દિવસની સખ્તાઈથી તેને બચાવી લેશે અને તેને જહન્નમથી છુટકારો મળી જશે.'

આ જાણી લેવું જોઈએ કે રજબ માસના રોજાઓના ઘણાં ફઝાઈલો વર્ણવવામાં આવ્યાં છે અને રિવાયતમાં છે કે કોઈ વ્યક્તિ (અનિવાર્ય કારણોસર) આ માસમાં રોજો ન રાખી શકે તો (રજબ માસમાં) દરરોજ ૧૦૦ વખત આ તસબીહ પઢે. જો તે આવું કરશે તો તેને તે દિવસના રોજા જેટલો સવાબ મળી જશે.

તસબીહ આ પ્રમાણે છે.

**સુબ્હાનલ્લાહિલ જલીલ - સુબ્હાના - મલ્લા -**
**યંમબગેયત્ - તસ્બીહોઈલ્લાલહૂ**
**સુબ્હાનલ ઈઝ્ઝિલઅકરમે**
**સુબ્હાના મુલ્લચસલ**
**ઈઝ્ઝોલ્વ-હોવા લ હૂ અહલો ૦**





# બે દિવા ઓલવાઈ ગયાં.

## ઈમામ મૂસા કાઝિમ અ.સ.

સન ૧૮૩ હિજરીના ૨૫મી રજબના દિવસે ફરઝન્દે રસૂલ હઝરત ઈમામ મૂસીયે કાઝિમ અ.સ.ને શહીદ કરવામાં આવ્યાં હતાં. ઈમામ કાઝિમ અ.સ. નો જન્મ સન ૧૨૮ હિજરીમાં થયો હતો. આપે પોતાની વીસ વરસ સુધીની ઉમર પોતાના મહાન પિતા હઝરત ઈમામ સાદિક અ.સ.ની પવિત્ર છત્રછાયામાં વિતાવી હતી અને ઈમામ સાદિક અ.સ.ની શહાદત પછી ૩૫ વરસ સુધી મુસલમાનોની ઈમામત અને તેમના માર્ગદર્શન (હિદાયત)ની જવાબદારી સંભાળી હતી. આ કાર્યમાં આપને ઘણી જ તકલીફો અને કષ્ઠ વેઠવા પડ્યાં હતાં. આપ અ.સ. પાસેથી વિદ્યા અને જ્ઞાન પ્રાપ્ત કરનાર ઘણાં ધર્મશાસ્ત્રના નિષ્ણાંતો (ફકીહ) અને ચિંતકોએ ઈસ્લામી વિદ્યાઓ - જ્ઞાન - તત્વજ્ઞાન અને શિક્ષણને સમગ્ર જગતમાં ફેલાવ્યા છે. ઈમામ કાઝિમ અ.સ.એ ઈસ્લામી જ્ઞાન-વિદ્યાઓ અને શિક્ષણના પ્રચાર-પ્રસાર સાથે અબ્બાસી શાસન વિરૂધ્ધ પોતાના પ્રયત્નો પણ ચાલૂ રાખ્યાં હતાં. પરિણામે અબ્બાસી ખલીફા હારૂને ઈમામ મૂસિયે કાઝિમ અ.સ.ને બંદી બનાવી દીધાં હતાં અને એક કાવત્રું રચીને ઝેર આપીને આપને શહીદ કરી દીધાં હતાં.





E-mail : hadimasik@yahoo.com



# હઝરત ઝૈનબ સલા.

સને ૬૨ હિજરીની ૧૫મી રજબના દિવસે હઝરત રસૂલે અકરમ સ.અ.વ.ની દોહિત્રી (પુત્રીની પુત્રી - નવાસી) હઝરત ઝૈનબ સલા. અનેક યાતનાઓ વેઠીને અવસાન પામ્યાં. ઈસ્લામની આ મહાન સન્નારીનો જન્મ સન ૬ હિજરીમાં થયો હતો અને રસૂલે ખુદા સ.અ.વ.ના પુત્રી હઝરત ફાતેમા ઝહરા સલા. અને હઝરત અલી અ.સ.ના પવિત્ર ખોળામાં આપનો ઉછેર થયો હતો. આપે પોતાનું સંપૂર્ણ જીવન વિદ્યા-જ્ઞાન પ્રાપ્તિ અને સંપૂર્ણતા મેળવવા પાછળ વ્યતિત કર્યુ હતુ. કરબલામાં પોતાના ભાઈ હઝરત ઈમામ હુસૈન અ.સ.ની શહાદત પછી હઝરત ઝૈનબ સલા. એ ઈસ્લામના ઈતિહાસમાં અમર છે તેવા પોતાના ઐતિહાસિક ભાષણો - સંબોધનો દ્વારા રસૂલ સ.અ.વ.ના કુટુંબીજનો ઉપર કરવામાં આવેલ અત્યાચારો અને જુલ્મોને જાહેર કર્યા હતાં અને બની ઉમૈયાવાળાઓનો અસલ ચહેરો લોકો સમક્ષ રજુ કર્યો હતો.



# અમારા પ્રશ્નો તમારા જવાબો

**પ્રશ્ન-૧ : માહે રજબુલ-મુરજ્જબ કોનો મહિનો છે ?**

(અ) અલ્લાહ (બ) નબી સ.અ.વ.

(ક) ઈમામ અલી અ.સ. (ડ) અહલેબૈત (અ.સ.)

**પ્રશ્ન-૨ : સૌથી વધારે કયા મહિનામાં ઈમામોની વિલાદત આવે છે ?**

(અ) શાબાન (બ) જમાદીયુસ્સાની

(ક) ઝિલકાઅદ (ડ) રજ્જબ

**પ્રશ્ન-૩ : ૧૩ રજ્જબ વિલાદતનો દિવસ છે કે શહાદતનો દિવસ છે ?**

(અ) વિલાદત (બ) શહાદત

(ક) વિલાદત-શહાદત (ડ) તમામ સાચા જવાબો

**પ્રશ્ન-૪ : રજ્જબ માસની ખાસ ઘટનાઓ કઈ કઈ છે ?**

(અ) બેઅસત, ફતેહ ખયબર (બ) વિલાદતે ઈમામ અલી અ.સ.

(ક) શહાદતે ઈમામ મૂસા કાઝીમ અ.સ. (ડ) તમામ સાચા જવાબો

**પ્રશ્ન-૫ : ઈમામ અલી. અ.સ.ની માતાનું નામ શું હતું ?**

(અ) જનાબે મરીયમ સલા. (બ) જનાબે ખદીજા સલા.

(ક) જનાબે ફાતેમા બિન્તે અસદ (ડ) બધા ખોટા જવાબો

**પ્રશ્ન-૬ : ઈ. અલી (અ.સ.)ની ઉંમર કેટલી હતી ?**

(અ) ૪૦ (બ) ૩૬ (ક) ૫૦ (ડ) ૬૩

**પ્રશ્ન-૭ : કોની વિલાદત અને શહાદત બંને અલ્લાહના ઘરમાં થઈ ?**

(અ) જનાબે ઈસા (અ.સ.) (બ) જનાબે મૂસા (અ.સ.)

(ક) જનાબે ઈમામ અલી (અ.સ.) (ડ) નબીએ અકરમ (સ.અ.વ.)

**પ્રશ્ન-૮ : ઈમામ બાકીર (અ.સ.)ની શહાદત કઈ તારીખે થઈ ?**

(અ) ૩ રજ્જબ (બ) ૧૦ રજ્જબ

(ક) ૫ રજ્જબ (ડ) ૨૫ રજ્જબ

**પ્રશ્ન-૯ : જંગે ખયબરમાં ઈમામ અલી (અ.સ.)એ કયા મોટા પહેલવાનને કત્લ કર્યો ?**

(અ) અમ્ર બિન અબ્દેવુદ (બ) મરહબ

(ક) અબૂ ઝહેલ (ડ) અબૂ લહેબ

**પ્રશ્ન-૧૦ : બેઅસત-એ-નબી (સ.અ.વ.) કઈ તારીખે હોય છે ?**

(અ) ૧૩ રજ્જબ (બ) ૨૭ રજ્જબ

(ક) ૨૫ રજ્જબ (ડ) ૧૩ શાબાન



E-mail : hadimasik@yahoo.com

# બાળકોની ડાયરી

વહાલા બાળકો,

આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !



મોમીન નદીમ હસનઅલી,
લીલજપુર, ધોલકા.




મહમદરઝા એ. જાફરી,
ખોજા મસ્જદ પાસે, રાજુલા.




જામીન અબ્બાસ ફીરદૌસઅલી જાફરી,
કુંભારવાડા, રાજુલા.



ભોજાણી નુરૂલ અબ્બાસ આઈ.,
હવેલી ચોક, રાજુલા.

E-mail : hadimasik@yahoo.com

# મહેનતનું ફળ





રસૂલે ખુદા જ્યારે મદીનામાં આવ્યાં ત્યારે આપે પોતાનું સઘળું ધન ગરીબો અને જરૂરયાતવાળોમાં વહેંચી દીધું. નવ મુસ્લિમોમાંથી એક વ્યક્તિની આર્થિક સ્થિતિ ઘણી જ ખરાબ હતી. તે પોતાની પત્નિ અને બાળકો સાથે ઘણી મુશ્કેલીથી ગુજરાન ચલાવતો હતો. જ્યારે નબી સ.અ.વ.ના મદીનામાં આવવાના સમાચાર સાંભળ્યાં તો તેની પત્નિએ તેને કહ્યું : 'તમે રસૂલ સ.અ.વ. પાસે જઈને પોતાની સ્થિતિ વર્ણવી સહાય માટે યાચના કરો ને !'





તે વ્યક્તિ નબી સ.અ.વ. પાસે ગયો. તે પોતાની વાત નબી સ.અ.વ.ને કહેવા જતો હતો તે પહેલાં તેને જોતાં વેંત જ નબી સ.અ.વ. એ ઈર્શાદ ફરમાવ્યું : 'જે મારી પાસે મદદ માંગશે તેને હું તો જરૂર આપીશ જ, પરંતુ જો કોઈ બંદાઓને બદલે ખુદા પાસે જ મદદ માંગે તો ખુદા તો તેને બંદાઓ કરતાં ખુબ જ વધારે મદદ કરશે.'



તે ગરીબ વ્યક્તિએ જ્યારે નબી સ.અ.વ.ની આ વાણી સાંભળી તો તેણે વિચાર્યું કે નબી સ.અ.વ. એ આ વાત તેને સંબોધીને જ કહી છે. તેથી તે પોતાને ઘેર પાછો ફરી ગયો અને પોતાની પત્નિને આખો બનાવ કહી સંભળાવ્યો. થોડા દિવસો પછી તેની આર્થિક સ્થિતિ ઘણી કથળી ગઈ તો તેની પત્નિએ તેને ફરી નબી સ.અ.વ. પાસે જવા કહ્યું. તે ફરી નબી સ.અ.વ. પાસે ગયો અને ફરી તે રીતે જ નબી સ.અ.વ.ની મુબારક વાણીના તે જ વાક્યો સાંભળ્યાં અને પાછો આવી ગયો.



કેટલાંક દિવસો પછી તો તેને અને તેના કુટુંબને જીવવાના પણ સાંસા પડી ગયાં તેથી તે વ્યક્તિ ફરી નબી સ.અ.વ.ની સેવામાં હાજર થયો. આ વખતે પણ નબી સ.અ.વ.ની





મુબારક જીભ વડે ફરી તે જ વાક્યો તેને સાંભળવા મળ્યાં અને તે સાંભળીને ફરી તે પરત આવી ગયો. આ વખતે તે સીધો પોતાના પાડોશી પાસે ગયો અને તેની પાસેથી કુહાડી માંગીને જંગલમાં ગયો. ત્યાંથી લાકડા કાપીને તે શહેરમાં આવ્યો અને લાકડાં વેચીને કમાણી કરી.



પોતાની મહેનતથી તેણે જે કમાણી કરી હતી તેનાથી તેણે રોટી ખરીદી – તે રોટી લઈને ઘરે આવ્યો. પત્નિ અને બાળકો તો રોટી જોઈને રાજી રાજી થઈ ગયાં અને ભોજન આરોગીને ખુદાનો શુક્ર અદા કર્યો.





તે પછી તે ગરીબ વ્યક્તિ દરરોજ આ કામ કરવા લાગ્યો અને પૈસા કમાવા લાગ્યો. થોડા દિવસોમાં તેણે પોતાની મહેનતના પૈસામાંથી નવી કુહાડી પણ ખરીદી લીધી અને પાડોશીને તેની કુહાડી પાછી આપી દીધી.





નબી સ.અ.વ.ના આ એક વાક્યે એવો ચમત્કાર કર્યો કે તે વ્યક્તિ આવી રીતે મહેનત કરતાં કરતાં આગળ વધવા લાગ્યો અને મહેનતની કમાણી કરતાં કરતાં એક દિવસ તેની ગણત્રી મદીના શહેરની અમીર વ્યક્તિઓમાં થવા લાગી.



# રસૂલે અકરમ સ.અ.વ.ના બે કાકાઓની વફાત

## ૨૬મી રજબ :

હિજરત (રસૂલે ખુદા મક્કા શહેર છોડીને મદીના ચાલ્યા ગયાં હતાં તેને હિજરત કહેવામાં આવે છે.) થી ત્રણ વરસ પહેલાં ૨૬મી રજબના દિવસે રસૂલે અકરમ સ.અ.વ.ના કાકા અને હઝરત અલી અ.સ.ના પિતા હઝરત અબૂ તાલિબની વફાત એવી પરિસ્થિતિમાં થઈ જ્યારે તેઓ સ.અ.વ. અન્ય મુસલમાનો સાથે શોઅબે અબૂતાલિબ (એક જગ્યાનું નામ) માં મક્કાના મુશ્રિકોની ઘેરાબંદીમાં કેદ હતાં. પોતાની આઠ વરસની વયથી એટલે કે પોતાના દાદા હઝરત અબ્દુલ મુત્તલિબની વફાત પછી રસૂલે અકરમ સ.અ.વ.એ પોતાનું અત્યાર સુધીનું સંપૂર્ણ જીવન પોતાના કાકા હઝરત અબૂતાલિબની છત્ર છાયામાં વિતાવ્યું હતું. કુરૈશ મુશ્રિકોની વિરૂધ્ધ હઝરત અબૂતાલિબ હઝરત રસૂલે અકરમ સ.અ.વ.ના સૌથી મોટા રક્ષક અને હિમાયતી હતાં. તેમણે પોતાની વફાત પહેલાં પોતાના કુટુંબીજનો અને મિત્રોને ઈસ્લામ ધર્મ પ્રમાણે ચાલવા અને રસૂલે અકરમ સ.અ.વ.નું રક્ષણ કરવાની શીખ આપી હતી. જે વરસે હઝરત અબૂતાલિબની વફાત થઈ તે વરસે જ રસૂલે ખુદા સ.અ.વ.ના વફાદાર અને સેવાભાવી પત્નિ હઝરત ખદીજાની પણ વફાત થઈ હતી. તેથી તે વરસને 'આમુલ હુઝન' (શોકનું વરસ) કહેવામાં આવે છે.



## ૧૨મી રજબ :

સને હિજરી ૩૨ની ૧૨મી રજબના દિવસે રસૂલે અકરમના કાકા અને કુરૈશ કબીલાના એક મહત્વના વ્યક્તિ અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબની વફાત થઈ હતી. આપ એક ધનિક વ્યક્તિ હતાં. કેટલાંક ઈતિહાસકારોના મત પ્રમાણે આપ હઝરત રસૂલે અકરમ સ.અ.વ.ની મદીના શહેર તરફની હિજરત પહેલાં ઈમાન લઈ આવ્યાં હતાં. પરંતુ આ બાબત તેમણે ગુપ્ત રાખી હતી. અન્ય કેટલાંક ઈતિહાસકારોએ એવું મંતવ્ય વ્યક્ત કર્યું છે કે આપ મક્કા શહેરના વિજયના થોડાક સમય પહેલા સન ૮ હિજરીમાં મુસલમાન થયાં હતાં. મક્કા શહેરના વિજય પછી રસૂલે અકરમ સ.અ.વ.એ ખાનએ ખુદાની યાત્રાએ આવતાં યાત્રાળુઓ માટે પાણીની વ્યવસ્થા કરવાની જવાબદારી આપને સોંપી હતી. મુશરિકો વિરૂધ્ધ થએલાં કેટલાંક યુધ્ધોમાં અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ પણ રસૂલે ખુદા સ.અ.વ.ના અન્ય સાથીઓ સાથે શામેલ થયાં હતાં અને પોતાની શૂરવીરતા દેખાડી હતી. પોતાની ઉમરના અંતિમકાળમાં પયગમ્બરે ઈસ્લામના આ જાંનિસાર સાથીદાર દૃષ્ટિથી વંચિત થઈ ગયાં હતાં અને તેના થોડા સમય પછી જ આપની વફાત થઈ ગઈ હતી.



# મગજ કસો

નાના બાળકો માટેનો આ એક સુડોકો કોયડો છે. એક ચોરસમાં દરેક હારમાં ૬ ખાના છે તેમાં ૧ થી ૬ પૈકીના કેટલાંક આંક અમુક ખાનામાં લખેલા છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 2 | | | | | 3 |
| | | 1 | 2 | | |
| | 1 | | | 4 | |
| | 6 | | | 3 | |
| | | 4 | 5 | | |
| 1 | | | | | 4 |

તમારે બાકીના ખાલી ખાનામાં ૧ થી ૬ પૈકીના આંક એવી રીતે પૂરવાના છે કે આ ચોરસની આડી અને ઉભી દરેક હાર (લાઈન)માં ૧ થી ૬ ના તમામ આંક આવી જાય

**તો વહાલા બાળ મિત્રો ! મગજ કસો**

## ખૂટતાં અંગ્રેજી મુળાક્ષરોમાંથી એક ફળનું નામ શોધો.




એક વર્તુળમાં અંગ્રેજી મૂળાક્ષરો વેરવિખેર થઈ ગયાં છે તેમાં કેટલાંક મૂળાક્ષરો ખૂટે છે. તે ખુટતાં મૂળાક્ષરો શોધી તેમને યોગ્ય રીતે ગોઠવી અંગ્રેજીમાં એક ફળનું નામ બનાવો.

## જાણવા જેવું

### સર્વશ્રેષ્ઠ વસ્તુઓ

આમ તો જગતમાં ઘણી શ્રેષ્ઠ નેઅમતો છે. પરંતુ સર્વશ્રેષ્ઠ વસ્તુઓની બાબતે ઈમામ અલી અ.સ.નું એક કથન (કૌલ) યાદ રાખવા જેવું છે. આપ ફરમાવે છે કે :



★ વિશ્વનું શ્રેષ્ઠ ભોજન મધ છે. જે એક જાનવર (મધમાખી) એ પોતાના શરીરમાંથી બહાર કાઢેલ વસ્તુ (ફુઝલા) છે.
★ વિશ્વનું સર્વશ્રેષ્ઠ પીણું પાણી છે. જે પૃથ્વી ઉપર વહે છે.
★ વિશ્વનો સર્વશ્રેષ્ઠ પોષાક રેશમ છે. જે એક જાનવર (રેશમના કીડા) એ પોતાના શરીરમાંથી કાઢેલ હોય છે.
★ વિશ્વની સર્વશ્રેષ્ઠ સવારી ઘોડો છે. જે યુધ્ધનું કેન્દ્રબિંદુ હોય છે.
★ વિશ્વનો સર્વશ્રેષ્ઠ સુગંધિત પદાર્થ કસ્તૂરી છે. જે એક પ્રાણીનું જામી ગએલ લોહી છે.
★ વિશ્વનો સર્વશ્રેષ્ઠ સાંભળવાનો અવાજ ગાન છે. જે અલ્લાહની દૃષ્ટિએ અણગમતો અને હરામ છે.



# એફિલ ટાવર

'એફિલ ટાવર' ના નામથી પ્રખ્યાત આ ભવ્ય ટાવર લોખંડના ચોક્કસ આકારમાં ઢાળેલાં ટુકડાઓ વડે ફ્રાંસમાં ૧૮૮૯ 'પેરિસ એક્સ્પોઝિશન' વખતે બાંધવામાં આવેલ છે. આ ટાવરની ડિઝાઈન મોરિસ કોખલિન અને ઈમાઈલ નોગીયરે બનાવી હતી. ટાવરના સ્ટ્રક્ચરલ એંજીનીયર એલેક્ઝાન્ડર ગુસ્તાવ એફિલ હતાં. તેમના નામ ઉપરથી આ ટાવર 'એફિલ ટાવર' ના નામે પ્રખ્યાત થયો છે. આ ૯૮૪ ફૂટ ઉંચું ભવ્ય બાંધકામ વિજ્ઞાન અને એંજીનીયરીંગમાં વિશ્વની સિધ્ધિઓની ઉજવણીના ભાગરૂપે બાંધવામાં આવેલ છે. જેના બે મહાન ભાગ છે. એક તેના ૪ જુદા જુદા સ્તંભ (પાયા) ઉપર ટકેલો પ્લેટફોર્મ જેવો ભાગ. તેના ઉપર એક બીજુ પ્લેટફોર્મ છે અને તે બીજા પ્લેટફોર્મ ઉપર ટકેલું છે પર્વતના શિખર જેટલી ઉંચાઈ ધરાવતું એક શંકૂ આકારનું ટાવર.

તા. ૩૧મી માર્ચ ૧૮૮૯ના દિવસે વિશિષ્ટ વ્યક્તિઓના એક નાનકડા જુથે ૧૭૯૨ પગથિયાં ચઢીને એફિલ ટાવરની ટોચ ઉપર ફ્રાંસ દેશનો એક ખુબ જ વિશાળ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. તે વખતે એવું કહેવાયું હતું કે ફ્રાંસનો રાષ્ટ્રધ્વજ જગતના સૌથી ઉંચા ધ્વજ સ્થંભ ઉપર ફરકાવવામાં આવ્યો છે. આ વિધી ચાલતી હતી ત્યારે નીચે ગ્રાઉન્ડમાં આ મહાન ઉજવણીના ભાગરૂપે (ખાણી-પીણીના) ટેબલ સજાવવામાં આવ્યાં હતાં.



પેરિસ એક્સ્પો દરમ્યાન આ ટાવર જબરદસ્ત આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું અને પાંચ માસના ટૂંકાગાળામાં જ આશરે ૨૦ લાખ મુલાકાતીઓએ આ ટાવરને નિહાળ્યો હતો. 'પેરિસ એક્સ્પો' દરમ્યાન આ ટાવર ઉપર ચઢવા માટે ફી લેવામાં આવતી હતી. અને ૧૮૮૯ના અંત સુધીમાં તો ટાવરના બાંધકામ પાછળ થએલ ખર્ચના પોણાં ભાગની રકમ આ રીતે આ ફીમાંથી જ વસુલ થઈ ગઈ હતી.

ઈ.સ. ૧૮૮૯થી આશરે ૪૫ વરસ સુધી એફિલનું આ સર્જન જગતની સૌથી ઊંચું બાંધકામ રહ્યું હતું. ખુબ જ ચોકસાઈપૂર્વક ઢાળવામાં આવેલાં તેના વળાંકો અને અત્યંત ઝીણવટપૂર્વકની ગણત્રીઓને આધારે તૈયાર કરવામાં આવેલી તેની ડિઝાઈનને કારણે 'એરોડાયનેમિક્સ' ની દૃષ્ટિએ પણ આ ટાવર એક અનન્ય સિધ્ધી છે. લગભગ એક સદી અને એક દાયકા ઉપરાંતનો સમય પસાર થઈ ગયો હોવા છતાં અને આ સમયગાળામાં હવામાનની ઝીંક ઝીલ્યા પછી અને અનેક હરીફાઈઓમાંથી પસાર થઈને પણ 'એફિલ ટાવર'ની ગણત્રી આજે પણ જગતના અત્યંત નજાકતસભર સુંદર બાંધકામોમાં થાય છે.

જન્મ તારીખ : ૩૧મી માર્ચ ૧૮૮૯
મૂળ ડિઝાઈન : એલેક્ઝાન્ડર ગુસ્તાવ એફિલ
એંજીનીયર્સ : મૌરિસ કૌખલિન અને ઈમાઈલ નોગીયર
આર્કિટેક્ટ : સ્ટીફન સ્ટોવેસ્ટ્ર
બાંધકામ : ૧૮૮૭-૧૮૮૯
બાંધકામમાં વપરાએલ સામગ્રી : લોખંડ
ધાતુના બાંધકામનું વજન : ૭૩૦૦ ટન
કુલ વજન : ૧૦,૦૦૦ ટન
૧૮૮૯માં હતી તે ઉંચાઈ : ૩૧૨.૨૭ મી. (ધ્વજ સ્થંભ સાથે)
૧૯૯૪માં ઉંચાઈ : ૩૧૮.૭૦ મી. (એન્ટેના સાથે)
રંગકામ વખતે વપરાતો રંગ : દર સાત વરસે ૫૦ ટન
પગથિયાની સંખ્યા : ૧૬૬૫

ઓગણીસમી સદીના અંત ભાગમાં ફ્રાંસવાસીઓએ પેરિસ શહેરમાં એક ભવ્ય એક્સ્પોના આયોજનની વિચારણાં શરૂ કરી. ફ્રાંસના વિપ્લવ (ફ્રેંચ રિવોલ્યુશન) ના એક સૈકાની ઉજવણીનો આ પ્રસંગ હતો. 'ફ્રાંસની સ્વતંત્રતા' ની યાદગીરીરૂપ બની રહે તેવું કોઈ બાંધકામ ઉભું કરવાની આયોજકોની મહેચ્છા હતી. આખાયે ફ્રાંસ દેશમાં અસંખ્ય ડિઝાઈનરોએ પોતાના પ્રોજેક્ટસ રજુ કર્યા. તેમાંથી એલેક્ઝાન્ડર ગુસ્તાવ એફિલની ડિઝાઈન પર મંજુરીની મહોર મારવામાં આવી. તેણે જગતના સૌથી ઉંચા લોખંડના આ બાંધકામની દરખાસ્ત રજુ કરી હતી.

# પત્રાવલી

**વહાલા બાળકો,**

આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે જરૂર મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**


Nazrin banu Nabi hasan Palsaniya
Std :- 5th
Village :- Meta

નાજનીનબાનું નબીહસન પલસાણીયા,
ગામ મેતા, તા. વડગામ, જી. બનાસકાંઠા.



અલી અબ્બાસ સાદીકઅલી,
મારૂતીચોક, ગામ રાજૂલા.



અમીરી સકિના શબ્બીરઅલી,
નીચલી બજાર, પ્રિન્સ પેલેસ, રાજૂલા સીટી.


Name :- Jamani Salma B.

જમાણી સલમા બી.



E-mail : hadimasik@yahoo.com

# સાચા જવાબો

**વહાલા બાળકો !**

**ગયા અંકના પ્રશ્નોના સાચા જવાબો આ પ્રમાણે છે. તમે તમારા જવાબો આનાથી મેળવી લો.**

પ્રશ્ન-૧: કયા માઅસૂમની વિલાદત અને શહાદત બંને જમાદીયુસ્સાની માસમાં આવે છે ?
(અ) ફાતેમા સલા.

પ્રશ્ન-૨: જનાબ ફાતેમા ઝહરા સલા.ની વિલાદત અને શહાદત અનુક્રમે કયા સનમાં થઈ હતી ?
(ક) ૫-બઅસત અને સને હિજરી-૧૧

પ્રશ્ન-૩: ઈમામ અલી અ.સ. એ રસૂલ સ.અ.વ.ને સંબોધીને કોની પવિત્ર કબર પર શોકાતૂર મરસિયો પઢ્યો હતો ?
(ડ) તમામ જવાબો સાચા

પ્રશ્ન-૪: શહઝાદીએ કાએનાત સલા.ના લકબો કયા કયા હતાં ?
(ડ) તમામ જવાબો સાચા

પ્રશ્ન-૫: "અઈમ્મા અ.સ.ની માતા"એ કોની કુનીયત છે?
(અ) જનાબ ઝહરા સલા.

પ્રશ્ન-૬: ઈમામ ખુમૈની (રહ.) કયા દેશમાં ક્રાંતિ લાવ્યા હતાં ?
(અ) ઈરાન

પ્રશ્ન-૭: એ કયા શેહઝાદી હતાં જેમને પોતાના પિતાની "માતા" કહેવામાં આવે છે ?
(ક) ફાતેમા ઝહરા સલા.

પ્રશ્ન-૮: ઈમામે ઝમાના અજ.એ કયા વ્યક્તિત્વને પોતાનો આદર્શ માન્યો છે ?
(ક) ફાતેમા ઝહરા સલા.

પ્રશ્ન-૯: કરબલાના બંદીઓ (અસીરાને-કરબલા) પૈકીના કયા સન્નારીનું આ માસમાં અવસાન થયું છે ?
(ક) ઉમ્મે કુલસૂમ

પ્રશ્ન-૧૦: આ માસમાં કયા મહાન શીઆ ધાર્મિક વિદ્વાનનું અવસાન થયું છે ?
(અ) ઈમામ ખુમૈની (રહ.)

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | (૧) કમરઅલીભાઈ મોમીન (૨) મૌલાના આલીમઅલી |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સીહોર | : | મૌલાના દિલબર હુસૈન ફોન : ૯૯૦૯૪૭૧૪૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

'મગજ કસો' સુડોકો કોયડા નો ઉકેલ

| | | | | | |
|---|---|---|---|---|---|
| 2 | 5 | 6 | 4 | 1 | 3 |
| 3 | 4 | 1 | 2 | 5 | 6 |
| 5 | 1 | 3 | 6 | 4 | 2 |
| 4 | 6 | 2 | 1 | 3 | 5 |
| 6 | 3 | 4 | 5 | 2 | 1 |
| 1 | 2 | 5 | 3 | 6 | 4 |

**નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.**



# HADI MASIK


: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**



Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**





*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*